

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જીલ્લામા અંબા નોરતા શુભ શરૂઆત આસો સુદ એકમથી થઈ ચુકી છે. ત્યારે આજે નવરાત્રીના ત્રીજા દિવસે પણ ખેલૈયાઓની જોઈએ તેવી રમઝટ હતી. મોડાસામાં આવેલ કલ્યાણ ચોકમાં જે નવરાત્રી રમાય છે. ત્યાં કોઈને કોઈક અવનવા પ્રોગામ થતાં હોય છે ત્યારે નવરાત્રીના ત્રીજા દિવસે મોડાસાના લાયોનેસ કલબની બહેનો તેમના પ્રમુખ મરીનાબેન ચૌહાણના નેતૃત્વમાં ગરબે ઘુમી હતી અને ત્યાં આયોજકો ધ્વારા સારા ગરબા ગાનારને ઈનામ રૂપી પુરસ્કાર પણ જાહેર કરવાના હતા ત્યારે હજુ બાકીના દિવસોમાં ધીમે ધીમે નવરાત્રીનો રંગ જામશે તેવુ જણાઈ રહયુ છે.



## ડીસા આર.એસ.એસ. સંઘ દ્વારા વીર ભગતસિંહની ૧૦૭મી જન્મ જયંતીની ઉજવણી

ડીસા ખાતે ગત રોજ વીર ભગતસિંહની જન્મજયંતિ અંતર્ગત આર.એસ.એસ. સંઘ દ્વારા વિશાળ પગપાળા રેલી યોજી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ડીસા ખાતે વીર ભગતસિંહની ૧૦૭મી જન્મ જયંતિ અંતર્ગત ડીસા આર.એસ.એસ.સંઘ દ્વારા વિશાળ પગપાળા રેલી યોજવામાં આવી હતી. આ રેલી લચ્છાજીની ચાલી, એસ.સી.ડબલ્યુ હાઈસ્કુલથી નીકળી અંબિકા ચોક કોલેજ રોડ, ચંદ્રલોક રોડ થઈ ડીસાના વિવિધ માર્ગો પર ફરી હતી. આ રેલીનું લાયન્સ હોલ આગળ ભારત વિકાસ પરિષદ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ પરેશભાઈ જીવરાણી, મંત્રી હરેશભાઈ ઠકકર, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, જયેશભાઈ દેસાઈ તેમજ રાજુભાઈ ઠકકર તેમજ અન્ય સભ્યો હાજર રહ્યા હતા. (તસવીર : કાન્તિલાલ લોધા)

# પ્રાંતિજ-તલોદમાં રૂ. ૩.૮૦ કરોડના રસ્તાના કામો મંજૂર

## ધારાસભ્ય દ્વારા જનતાને દિવાળી પૂર્વે પાકા સિમેન્ટ-કોક્રીટના રસ્તાઓની ભેટ

પ્રાંતિજ, તા. ૨૮

પ્રાંતિજ તથા તલોદ તાલુકાની જનતાને આ વિસ્તારના ધારાસભ્યએ પંચાયત હસ્તકના તમામ રસ્તાઓ સિમેન્ટ કોંક્રિટના બનાવવા મંજૂર કરાવી તાલુકાના રહિશોને દિવાળી પહેલા ભેટ આપી છે.

પ્રાંતિજ-તલોદમાં આવેલ ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયત હસ્તકના દશથી પણ વધારે ગામોમાં વરસાદને પગલે રસ્તાઓ સાવ બિસ્માર બની ગયા હતા. પરિણામે રાહદારીઓ અને વાહનચાલકો ભઆરે પરેશાન થઈ ઉઠ્યા હતા. સ્થાનિકોએ આ સંદર્ભે સ્થાનિક ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને જાણ કરતા તેમણે સ્થાનિક જનતાના પ્રશ્ન અંગે ગુજરાત વિધાનસભામાં ધારદાર રજૂઆત કરી હતી. આખરે ધારાસભ્યની રજૂઆત રંગ લાવતા તમામ રસ્તાઓ તબક્કાવાર સિમેન્ટ કોંક્રીટના બનાવવા મંજૂરી લાવતા ગ્રામ્ય વિસ્તારમાં ખુશીનો મહોલ છવાયો છે. પ્રાંતિજ તાલુકાના ઊંછા બાલીસણા, દલાની મુવાડીમાં રૂ. ૫૦ લાખ, સીતવાડામાં રૂ. ૫૦ લાખ, ફતેપુર તખતગઢમાં ૪૦ લાખ જ્યારે તલોદના જવાનપુરમાં રૂ. ૬૦ લાખ, પડુસણમાં રૂ. ૬૦ લાખ મળી કુલ રૂ. ૩.૮૦ કરોડના ખર્ચે સિમેન્ટ કોંક્રીટના માર્ગો બનાવવામાં આવશે.




પ્રાંતિજ ખાતે શ્રી દશામાં હોલ ખાતે ચાલુ વર્ષે બોર્ડની પરીક્ષા આપનાર ધોરણ-૧૧ અને ૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા લક્ષી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલુકાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. (તસવીર : સંજય રાવલ)

# ડીસામાં રબારી સમાજ દ્વારા ગોવાભાઈ દેસાઈનો સન્માન સમારોહ યોજાયો

ડીસા ખાતે તાજેતરમાં યોજાયેલ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ગોવાભાઈ દેસાઈનો જંગી બહુમતીથી વિજય થતાં ગતરોજ ડીસા ખાતે રબારી સમાજ દ્વારા તેમનો સન્માન સમારોહ યોજાયો હતો. ડીસામાં તાજેતરમાં યોજાયેલ ડીસા વિધાનસભાની પેટા ચૂંટણીમાં જંગી બહુમતીથી વિજયી બનેલ ડીસા ધારાસભ્ય ગોવાભાઈ હમીરાભાઈ દેસાઈનો સન્માન સમારોહ રબારી સમાજ દ્વારા ડીસા એસ.સી.ડબલ્યુ. હાઈસ્કૂલ ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં ગોવાભાઈ દેસાઈનું સમાજ દ્વારા શ્રીફળ, ચુંદડી, સાકર, સાલ, પાઘડી, મોમેન્ટો તેમજ ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપરાંત પ્રકાશભાઈ ભરતીયા કોંગ્રેસ અગ્રણી, દિપકકુમાર પટેલ કોંગ્રેસ પ્રમુખ ડીસા, પી.એન.માળી, હંસરાજ ખત્રી, મહંમદભાઈ ખોખર તેમજ કાન્તીભાઈ ઠક્કર વગેરેનું પણ શ્રીફળ, ચુંદડી અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નરસિંહભાઈ દેસાઈ, કેતનભાઈ દેસાઈ, બળદેવભાઈ રાયકા, સંજયભાઈ દેસાઈ, મોતીભાઈ દેસાઈ, ખોડાભાઈ દેસાઈ સહિત સમાજના વડીલો, યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.





## ખેડબ્રહ્મા શહેરના શેરી ગરબા

નવરાત્રી ધીમે ધીમે જામતી જાય છે, તેમ તેમ મોટા પાર્ટી પ્લોટમાં યુવાધન ગરબે ઘુમે છે. ત્યારે આજે પણ ખેડબ્રહ્માના રામેશ્વરનગર, ગાયત્રી સોસાયટી, બ્રહ્માજી ચોક જેવા વિસ્તારોમાં શેરી ગરબા ઘુમતા લોકો જોવા મળી રહ્યા છે. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# પ્રાંતિજમાં હડતાળી કર્મચારીને પાલિકા તંત્રે નોટીસ ફટકારી

પ્રાંતિજ, તા. ૨૮

પ્રાંતિજ ખાતે નગરપાલિકાના આરોગ્ય વિભાગના સફાઈ કામદારો પાંચ દિવસની અચોકકસ મુદતની હડતાલ પર ઉતરી જતા આજે નગરપાલિકા તંત્ર દ્વારા તમામ હડતાળી કર્મચારીઓને નોટીસ ફટકારવામાં આવી હતી.

પ્રાંતિજ નગરપાલિકા કચેરીના આરોગ્ય વિભાગના ૪૦ જેટલા સફાઈ કામદારો તથા કર્મચારીઓ તેમના વેતન સહિતના કેટલાક પડતર પ્રશ્નોને લઈ અચોકકસ મુદતની હડતાળ પર ગત ૨૬મીના રોજ ઉતરી ગયા હતા. પાલિકા તંત્ર દ્વારા તેમની સામે નોકરી ઉપર હાજર ન થતા નોટીસ ફટકારવામાં આવી હતી. જેથી કર્મચારીઓએ નોટીસનો જવાબ લેખિતમાં આપ્યો હતો અને આ સાથે પડતર માંગોનો કોઈ નિવેડો નહીં આવે તો આવનાર દિવસોમાં પ્રતિક ઉપવાસ પર જવાની તૈયારી પણ બતાવી હતી.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## રસુલપુર ગામે ખેતરમાંથી રૂ. ૧.૧૦ લાખ મત્તા ભરેલી બેગની ઉઠાંતરી

પ્રાંતિજ, તા. ૨૮

પ્રાંતિજ તાલુકાના રસુલપુર ગામે રાત્રી સમયે ગ્રીન હાઉસનું કામ કરતા કોન્ટ્રાક્ટરના ટેન્ટમાંથી અંદાજે એક લાખની મત્તા ભરેલી બેગની અજાણ્યા ચોર ઈસમો ઉઠાવી ગયા હતા.

પ્રાંતિજ તાલુકાના રસુલપુર ગામના હિતેન્દ્રભાઈ પૂંજાભાઈ પટેલના ખેતરમાં ગ્રીન હાઉસ બનાવેલ છે. ગ્રીન હાઉસનું તમામ કાર્ય કોન્ટ્રાક્ટર વિકાસ રંગનાથ જાદવ દ્વારા કરવામાં આવ્યું છે. કોન્ટ્રાક્ટર ખેતરમાં જ ખુલ્લામાં ટેન્ટમાં રહેતા હતા અને ગતરોજ રાત્રી દરમિયાન ટેન્ટમાં સુઈ ગયા હતા. બસ આજ સમયે કોઈ ચોર ઈસમોએ ખેતરમાં પ્રવેશ કરી રૂ. ૬૦ હજાર કિંમતનું લેપટોપ, કાંડા ઘડિયાળ અને મોબાઈલ સહિત રોકડ રકમ મળી કુલ રૂ. ૧.૧૦ લાખની મત્તા ભરેલી બેગની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુઈ ગામે પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

## સુઈ ગામ અને ભાભર તાલુકાના ૧૧૬૦ લાભાર્થીઓને રૂ. ૧.૨૭ કરોડની સાધન સહાય ચુકવાઈ

પાલનપુર, તા. ૨૮

બનાસકાંઠા જિલ્લાના સુઈગામ મુકામે ભાભર અને સુઈગામ તાલુકાનો પ્રાન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ તથા શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં સુઈગામ અને ભાભર તાલુકાના ૧૧૬૦ લાભાર્થીઓને રૂ.૧.૨૭ કરોડની સાધન સહાય મંત્રીના વરદહસ્તે ચુકવવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યુ ંહતું કે ગરીબ પરિવારોના જીવનમાં કાયમી ઉજાસ પથરાય તે માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ કલ્યાણ મેળાઓની શરૂઆત કરાવી હતી. તેનાથી લાખો ગરીબોને ફાયદો થયો છે. તેમણે કહ્યું કે સરકાર નોંધારાનો આધાર બની જુદી જુદી યોજનાઓ હેઠળ જરૂરીયાતમંદ લોકોને ધંધા માટે લોન અને સહાય આપે છે. શિવણકામ માટે સિલાઈ મશીન, દૂધ દોવાના સાધનો, કડીયાકામ માટેના સાધનો, લુહારી કામના સાધનો ગરીબ કલ્યાણ મેળામાં આપવામાં આવે છે. ગરીબો કોઈના ઓશિયાળા ન રહે અને સ્વમાનભેર જીવન જીવી શકે તે માટે રાજ્ય સરકાર તમામ મદદ કરવા તૈયાર છે.

મંત્રી ઠાકોરે કહ્યુંહતુંકે શક્તિશાળી મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં ગુજરાતનો ખુબ તેજ ગતિથી વિકાસ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે ૧૦૮ જેવી અનેકવિધ આરોગ્ય સુવિધાઓના લીધે લોકોને ઘરઆંગણે આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ બની છે. તેમણે જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય સંજીવની વાનની નવી સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં કોઈપણ વ્યક્તિ મફતમાં પોતાના શરીરનું સંપૂર્ણ ચેકઅપ કરાવી શકશે. મંત્રીશ્રીએ લાભાર્થીને અનુરોધ કરતાં જણાવ્યું કે તમને મળેલ લાભનો સોટકા સદઉપયોગ કરી તમારા જીવનમાં પ્રગતિ કરશો તો રાજ્ય સરકારના પ્રયાસો સફળ થયા ગણાશે.

ગુજરાત ખાદી ગ્રામ ઉદ્યોગ બોર્ડના અધ્યક્ષ વાડીલાલ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દલિત, પિડીત અને શોષિત સમાજના વિકાસ માટે સક્રિયપણે પ્રયાસો કરી રહી છે જેને ખુબ સારી સફળતા મળી છે. તેમણે કહ્યું કે અત્યાર સુધી યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં ૮૧ લાખથી વધુ લાભાર્થીઓને જુદી જુદી યોજનાઓ હેઠળ કરોડો રૂપિયાની સહાય હાથોહાથ આપવામાં આવી છે. તેમણે કહ્યું કે સમગ્ર રાજ્યમાં સમરસતાનું વાતાવરણ બને અને વર્ગવિહીન સમાજ રચનાનું નિર્માણ થાય તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. તેમણે જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત આજે દુનિયાના દેશોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સીના અધ્યક્ષશ્રી ઈશ્વરભાઈ ભાવસારે જણાવ્યુ હતુ કે ગરીબીને નેસ્તનાબુદ કરવા રાજ્ય સરકારે ગરીબ કલ્યાણ મેળાઓ યોજાવાનું શરૂ કર્યુંહતું. આ સુંદર અભિયાનથી રાજ્યની ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે ગરીબી દૂર કરવાનો શ્રેષ્ઠ ઉપાય શિક્ષણ છે. જેના ઘરમાં શિક્ષણ આવે છે તેના ઘરમાંથી ગરીબી કાયમ માટે નાસી જાય છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)




અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા નવરાત્રિ પર્વ નિમિત્તે નાગરિકોની સલામતીને ધ્યાને લઈ જિલ્લાના તમામ જાહેર સ્થળોએ સલામતી અને સુરક્ષાની માહિતી અને સુચનો દર્શાવતા બેનરો લગાવવામાં આવ્યા છે. પોલીસની આ પ્રકારની કામગીરીને સ્થાનિકો બિરદાવી રહ્યા છે. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦